GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION

# OFFICE OF THE REGIONAL MANAGER

GIDC Administrative Office Building,
Plot No. C-5/101, Char Rasta,
G.I.D.C., Vapi - 396 195. Dist. - Valsad.
☎ (Ph.) 0260- 2432667 / 2432670 (FAX) 0260 – 2420502
e-mail : rmvapi2@gidcgujarat.org.

**Disposal of available properties in fully developed estates, through Public Auction**

Tenders are invited in sealed covers for following available Industrial Plots/Sheds/Comm. Plots/ Godown on "As is where is basis" in Vapi Region (Sarigam, Umbergaon, Pardi & Gundlav Estate) Property number must be mentioned on the tender cover. Application form will be available **from dtd.07/07/2017 to dtd.17/07/2017 from 12.00 P.M. to 05.00 P.M.** only on working days at above mentioned address by paying ₹ 50/- (Rupees Fifty Only) Cash.

| Sr. No. | Industrial Plot\Shed no. | Area (Sq.mtrs.) | Reserved price ₹. | E.M.D. ₹. |
|---|---|---|---|---|
| **INDUSTRIAL PLOT IN UMBERGAON ESTATE** | | | | |
| 1. | 1711 | 2310.00 | 70,00,000/- | 17,50,000/- |
| **INDUSTRIAL SHED IN SARIGAM ESTATE** | | | | |
| 1. | L-104/8 | 227.11 | 7,00,000/- + 2,34,080/- = 9,34,080/- | 2,33,520/- |
| **INDUSTRIAL PLOTS IN SARIGAM ESTATE** | | | | |
| 1. | 201/3 | 1250.00 | 40,00,000/- | 10,00,000/- |
| 2. | 728 | 703.00 | 21,00,000/- | 5,25,000/- |
| 3. | 1403 | 600.00 | 18,00,000/- | 4,50,000/- |
| **COMMERCIAL PLOTS IN SARIGAM ESTATE** | | | | |
| 1. | 101/7 | 283.50 | 17,00,000/- | 4,25,000/- |
| 2. | 101/8 | 283.50 | 17,00,000/- | 4,25,000/- |
| 3. | 101/15 | 258.00 | 15,50,000/- | 3,87,500/- |
| **INDUSTRIAL SHED IN PARDI ESTATE** | | | | |
| 1 | C1B/153 | 703.00 | 14,10,000/- + 4,06,000/- = 18,16,000/- | 4,54,000/- |
| **INDUSTRIAL PLOTS IN GUNDLAV ESTATE** | | | | |
| 1. | U-9 | 10567.00 | 2,11,00,000/- | 52,75,000/- |
| 2. | 522 | 2496.37 | 63,00,000/- | 15,75,000/- |
| **INDUSTRIAL SHED IN GUNDLAV ESTATE** | | | | |
| 1. | C1B-4 | 743.76 | 19,00,000/- + 4,06,000/- = 23,06,000/- | 5,76,500/- |
| **GODOWN IN GUNDLAV ESTATE** | | | | |
| 1. | 166, 167/17 | 124.64 | 7,00,000/- + 49,076 = 7,49,076/- | 1,87,270/- |

Following conditions will be applicable to every applicant taking part in the auction and other conditions enlisted in the form will also be applicable:

1. Application forms should reach in sealed cover to the Regional Manager, GIDC, Vapi **office only through Registered Post A.D. latest by dtd.21/07/2017 till 05:00 P.M.**
2. Applicant has to draw two separate demand drafts as below:
   a) Demand Draft for Scrutiny Fee amounting Rs.**1180/-** for plots and Rs.**2360/-** for Sheds/Godown in favour of "GIDC" payable at Vapi (as mentioned in the application form).
   b) **Demand Draft for EMD in favour of "GIDC" Vapi. Amount of EMD will be 25% of the price quoted by the applicant in tender for the particular property.**
3. Only those candidates who satisfy all the conditions of tender will be eligible to participate in Auction.
4. Sealed tenders will be **opened on dtd. 27/07/2017 at 11:00 am to 02:00 pm Hrs. for Sarigam Ind. Estate & 03:00 pm to 06:00 pm Hrs. for Umbergaon, Gundlav & Pardi Ind. Estate in front of all present applicants.**
5. It is requested to all the bidders to check the dues with D.G.V.C.L., Notified area, Central Excise, water dues etc. and those dues must be paid by the bidders when Corporation will allot the property by this auction process. It is the responsibility of bidders only.
6. Interse Auction will be held on 04/08/2017 at following address:
   GIDC Administrative Office Building,
   Plot No. C-5/101, Char Rasta, G.I.D.C., Vapi – 396 195.
7. Information regarding plots available in auction and conditions for allotment is available on Notice Board of Vapi Regional office and on Corporation's **Website: www.gidc.gov.in.**
8. **Corporation has sole powers to accept or reject any tender.**

**Contact Officer: Regional Manager-II**
**Contact No. : (O) 0260-2432667/2432670**

Sd/-
**Regional Manager-II**
**G.I.D.C. Vapi.**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

# પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

પ્લોટ નં.સી–૫/૧૦૧, ચાર રસ્તા

જીઆઈડીસી, વાપી – ૩૯૬ ૧૯૫. જી.વલસાડ

(ફોન) ૦૨૬૦–૨૪૩૨૬૬૭ / ૨૪૩૨૬૭૦ (ફેક્ષ) ૦૨૬૦–૨૪૨૦૫૦૨

ઈ–મેઈલ : rmvapi2@gidcgujarat.org

નં.જીઆઈડીસી/પ્રા.મે.–૨/વાપી/ તારીખ :

## પૂર્ણ વિકસિત વસાહતોમાં ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ/શેડનું જાહેર હરાજીથી વેચાણ

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની ઉમરગામ, સરીગામ, પારડી, ગુંદલાવ ઔદ્યોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ અને શેડ, "જેમ છે તેમ, અને જે સ્થિતિમાં તે સ્થિતિમાં" જાહેર હરાજીથી ફાળવવાના હોવાથી આ માટેના અરજીપત્રક (રૂ.૫૦/- રોકડાથી આપવામાં આવશે.) ઉપલબ્ધ ઔદ્યોગિક, પ્લોટો/ શેડ અને શરતો, વિગેરેની માહિતી, પ્રાદેશિક મેનેજરશ્રી-૨ ની કચેરી, પ્લોટ નં.સી-૫/૧૦૧, ચાર રસ્તા, જીઆઈડીસી, વાપી પાસેથી **તા.૦૭/૦૭/૨૦૧૭ થી તા.૧૭/૦૭/૨૦૧૭** સુધીમાં રજાના દિવસ સિવાય બપોરના ૧૨.૦૦ થી સાંજના ૦૫.૦૦ સમય દરમ્યાન મળી રહેશે. ભરેલા અરજી પત્રકો સીલબંધ કવરમાં "આર.પી.એ.ડી." થી મોડામાં મોડા **તા.૨૧/૦૭/૨૦૧૭** ના રોજ **સાંજે ૦૫.૦૦ કલાક** સુધી પ્રાદેશિક મેનેજરશ્રી-૨ ની કચેરીએ મળે તે રીતે મોકલવાના રહેશે. અરજીપત્રકના કવર ઉપર સ્વચ્છ અને સ્પષ્ટ રીતે જે તે મિલકતના નંબર અને વસાહતના નામનો નિર્દેશ કરવાનો રહેશે. અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫% ઈ.એમ.ડી. તથા સ્કુટીની ફી ઔદ્યોગિક તેમજ વાણિજ્ય પ્લોટ માટે રૂ.૧૧૮૦/- અને ઔદ્યોગિક શેડ તેમજ ગોડાઉન માટે રકમ રૂ.૨૩૬૦/- ના ડી.ડી. (જે પરત મળવાપાત્ર નથી) "જી.આઈ.ડી.સી. વાપી" ના નામનો અલગ-અલગ આપવાનો રહેશે. ભાવપત્રક સાથે ૨૫% ઈ.એમ.ડી.ની રકમનો ડી.ડી. સામેલ ન રાખનારનું ટેન્ડર રદબાતલ ગણાશે. ટેન્ડર ઓપન થયેથી જે તે મિલકતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલ હશે તે કિંમતને ન્યુનતમ/તળીયાની કિંમત ગણતરીમાં લઈ અરજદારો દ્વારા માંહોમાંહેની બોલી બોલાવી જે સૌથી વધારે ભાવ બોલનારની બોલી આખરી ગણી નિગમની વડી કચેરીએથી જરૂરી મંજુરી મેળવ્યા બાદ મિલકતની ફાળવણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપલબ્ધ દર્શાવેલી મિલકતોની જાહેર હરાજી **તા.૨૭/૦૭/૨૦૧૭** ના રોજ **સવારના ૧૧:૦૦ થી ૦૨:૦૦ સુધી સરીગામ ઔ. વસાહત** અને **બપોરના ૦૩:૦૦ થી ૦૬:૦૦** કલાક સુધી ઉમરગામ, પારડી અને ગુંદલાવ ઔ. વસાહત માટે નીચે જણાવેલ સરનામે રાખવામાં આવશે. જેમાં ભરેલ અરજીપત્રક/ટેન્ડરના અરજદારે જ અચૂક હાજર રહેવાનું રહેશે, પછીથી કોઈ વાદવિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

મળેલ ભાવપત્રક ખોલવાનું સ્થળ: પ્રા.મે.શ્રી-૨ ની કચેરી,જી.આઇ.ડી.સી વહીવટી બિલ્ડીંગ, પ્લોટ નં.સી-૫/૧૦૧, ચાર રસ્તા, જીઆઈડીસી, વાપી - ૩૯૬ ૧૯૫.

ઉપર જણાવેલ મિલકતોની વિગતો શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઈટ (**www.gidc.gov.in**) પર મુકવામાં આવેલી છે. અનિવાર્ય સંજોગોમાં આમા ફેરફાર કરી શકાશે. સંપૂર્ણ વિગત સાથે મળેલાં અરજીપત્રકો પૈકી કોઇ પણ એક કે તમામ અરજીપત્રકો સ્વીકારવા કે કેમ? તે અંગેનો નિગમનો અબાધિત અધિકાર રહેશે.

આ હરાજીમાં ભાગ લેનાર સૌને જાણ કરવામાં આવે છે કે જી.આઈ.ડી.સી.ની મિલકત પર બીજી સંસ્થાઓ જેવી કે ડી.જી.વી.સી.એલ., નોટીફાઈડ એરિયા, સેન્ટ્રલ એક્સાઈઝ, પાણી વગેરેના જે પણ બાકી લ્હેણાં ભરવાના નીકળતા હોય, તેની જાણકારી અરજદારોએ મેળવી લેવી તથા આ હરાજીમાં ભાગ લેનાર જે પણ પસંદ થાય તેને નિગમની હરાજીની જે-તે મિલકત પરના બાકી લ્હેણાં ભરપાઈ કરવાના રહેશે. તે સંબધિત સંપૂર્ણ જવાબદારી હરાજીમાં પસંદ થયેલ ફાળવણીદારની રહેશે, નિગમની કોઈ જવાબદારી રહેશે નહી.

| ક્રમ નં. | મિલકત નંબર | વિસ્તાર (ચો.મી. માં) | પ્લોટની રીઝર્વ કિંમત (રૂ. માં) | બાનાની રકમ (રૂ. માં) (૨૫%) તળીયાની કિંમત પ્રમાણે |
|---|---|---|---|---|
| **ઉમરગામ ઔદ્યોગિક પ્લોટની વિગત** | | | | |
| ૧ | ૧૭૧૧ | ૨૩૧૦.૦૦ | ૭૦,૦૦,૦૦૦/– | ૧૭,૫૦,૦૦૦/– |
| **સરીગામ ઔદ્યોગિક શેડની વિગત** | | | | |
| ૧ | એલ–૧૦૪/૮ | ૨૨૭.૧૧ | ૭,૦૦,૦૦૦/– + ૨,૩૪,૦૮૦/– = ૯,૩૪,૦૮૦/– | ૨,૩૩,૫૨૦/– |
| **સરીગામ ઔદ્યોગિક પ્લોટની વિગત** | | | | |
| ૧ | ૨૦૧/૩ | ૧૨૫૦.૦૦ | ૪૦,૦૦,૦૦૦/– | ૧૦,૦૦,૦૦૦/– |
| ૨ | ૭૨૮ | ૭૦૩.૦૦ | ૨૧,૦૦,૦૦૦/– | ૫,૨૫,૦૦૦/– |
| ૩ | ૧૪૦૩ | ૬૦૦.૦૦ | ૧૮,૦૦,૦૦૦/– | ૪,૫૦,૦૦૦/– |
| **સરીગામ વાણિજય પ્લોટની વિગત** | | | | |
| ૧ | ૧૦૧/૭ | ૨૮૩.૫૦ | ૧૭,૦૦,૦૦૦/– | ૪,૨૫,૦૦૦/– |
| ૨ | ૧૦૧/૮ | ૨૮૩.૫૦ | ૧૭,૦૦,૦૦૦/– | ૪,૨૫,૦૦૦/– |
| ૩ | ૧૦૧/૧૫ | ૨૫૮.૦૦ | ૧૫,૫૦,૦૦૦/– | ૩,૮૭,૫૦૦/– |
| **પારડી ઔદ્યોગિક શેડની વિગત** | | | | |
| ૧ | સી૧બી/૧૫૩ | ૭૦૩.૦૦ | ૧૪,૧૦,૦૦૦/– + શેડની કિંમત ૪,૦૬,૦૦૦/– = ૧૮,૧૬,૦૦૦/– | ૪,૫૪,૦૦૦/– |
| **ગુંદલાવ ઔદ્યોગિક પ્લોટની વિગત** | | | | |
| ૧ | ૫–૯ | ૧૦૫૬૭.૦૦ | ૨,૧૧,૦૦,૦૦૦/– | ૫૨,૭૫,૦૦૦/– |
| ૨ | ૫૨૨ | ૨૪૯૬.૩૭ | ૬૩,૦૦,૦૦૦/– | ૧૫,૭૫,૦૦૦/– |
| **ગુંદલાવ ઔદ્યોગિક શેડની વિગત** | | | | |
| ૧ | સી૧બી/૪ | ૭૪૩.૭૬ | ૧૯,૦૦,૦૦૦/– + શેડની કિંમત ૪,૦૬,૦૦૦/– = ૨૩,૦૬,૦૦૦/– | ૫,૭૬,૫૦૦/– |
| **ગુંદલાવ ગોડાઉનની વિગત** | | | | |
| ૧ | ૧૬૬, ૧૬૭/૧૭ | ૧૨૪.૬૪ | ૭,૦૦,૦૦૦/– + ગોડાઉનની કિંમત ૪૯,૦૭૬/– = ૭,૪૯,૦૭૬/– | ૧,૮૭,૨૭૦/– |

સંપર્ક અધિકારી : વી. એચ. ઠક્કર,

હોદો : પ્રાદેશિક મેનેજર,

ટેલીફોન નં. (ઓ) ૦૨૬૦-૨૪૩૨૬૬૭ / ૨૪૩૨૬૭૦

સહી/-
પ્રાદેશિક મેનેજર-૨
જીઆઇડીસી, વાપી.

પ્રેષક : ....................

....................

....................

તા.   /   /૨૦૧૭

અ.નં.

અરજદારનું નામ :–

વસાહતનું નામ :–

પ્લોટ / શેડ નંબર :–

ફોર્મ આપનારની સહી :–

## અરજી પત્રક

પ્રતિ,
પ્રાદેશિક મેનેરજશ્રી–૨
જીઆઈડીસી, વાપી.

**વિષય : ઔદ્યોગિક – વાણિજ્ય પ્લોટ / શેડ માટેની અરજી બાબત.**

શ્રીમાન,

ઉપરોકત બાબતે તા............. ના ............ દૈનિક સમાચાર પત્રમાં જે હેતુ માટે જાહરે થયેલ વિજ્ઞપ્તિ અનુસાર નિગમ મારફતે જાહેર હરાજીથી નિગમની મિલકતો / જમીનના પ્લોટો હરાજીથી મેળવવા માટે હું / અમો અરજી કરૂં છું / કરીએ છીએ અને આ સાથે નિયત નમુનામાં અરજી પત્રક, ચકાસણી ફી રૂા. ........... અને તે માટે જરૂરી નિર્ધારીત થતી અનામતની રકમ રૂા. .......... સહિત સાદર કરૂ છું / કરીએ છીએ.

હું / અમોએ માંગેલ પ્લોટ નં. ......... વિસ્તાર અંદાજે ............ ચો.મી. ......... હેતુ માટે મારી / અમારી કુલ કિંમત રૂા............. દર્શાવીએ છીએ અને ઉકત દર્શાવેલ પ્લોટ / શેડની કિંમતના ૨૫% મુજબ રૂા........... અનામતના 'જી.આઈ.ડી.સી.' ના નામનો ડીમાન્ડ ડ્રાફટ આ સાથે મોકલું છું / મોકલીએ છીએ.

આભાર સહ.

આપનો વિશ્વાસુ

બિડાણ :

## અરજી પત્રકનો નમુનો

૧. અરજદારનું નામ :

૨. અરજદારનું બંધારણ :

(વ્યક્તિ/ખાનગી માલીકી/ભાગીદારી પેઢી ખાનગી/મર્યાદિત કંપની/જાહેર મર્યાદીત કંપની/ટ્રસ્ટ વગેરે જે લાગુ પડતું હોય તે દર્શાવવું અને સાથે ભાગીદારી દસ્તાવેજની પ્રમાણિત નકલ બિડવી. ભાગીદારોના નામ,સરનામા અને કંપની હોય તો જે તે મેનજીંગ ડીરેકટર/ડીરેકટર્સના નામ દર્શાવવા. મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ એસોસીએશનની નકલ બીડવી. ટ્રસ્ટના બંધારણની નકલ બીડવી.ઓળખ તથા સરનામાં માટે ખાનગી માલિકીના કિસ્સામાં ફોટો તથા પાનકાર્ડ/રેશનકાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.)

૩. અરજી કરેલ હોય તે વેપારનો પ્રકાર/વ્યાપારિક પ્રવૃતિ/ ઉદ્યોગનો પ્રકાર.

૪. જે હેતુ માટે પ્લોટ/મિલ્કત ઉપયોગ કરવાનો હોય તે હેતુનો પ્રકાર અને નામ દર્શાવવા અને તે માટે ધારણ કરેલ લાયસન્સ પરવાનગી/ડીલરશીપ/ડીસ્ટ્રીબ્યુશનશીપ એજન્સી હોય તો તેની પ્રમાણિત નકલ બીડવી.

૫. જાહેર ટેન્ડર/હરાજીની અનુસંધાને દર્શાવવામાં આવેલ કુલ કિંમત/રૂા. માં.

૬. જરૂરિયાત મુજબની મિલ્કત/પ્લોટનું નામ, નંબર અને તેનો વિસ્તાર/ચો.મી.

૭. માંગેલ વિસ્તારની જરૂરિયાત

અ) બાંધકામ માટે

બ) સ્ટોરેજ ડીસ્ટ્રીબ્યુશન વિગેરે માટે દેખરેખ જરૂરી વિસ્તાર અલગ અલગ દર્શાવવા.

૮. આવી પ્રવૃતિ માટે પરવાનગી /લાયસન્સની જરૂર છે, જો હોય તો અરજદારના નામ સહિતના પરવાનગી નંબર અને તારીખ દર્શાવવા અને તેની પ્રમાણિત નકલ બીડવી.

૯. રૂપિયાની માત્રામાં ધંધાનું વાર્ષિક ટર્નઓવર.

૧૦. બાંધકામ, સ્ટોર વિગેરે માટે ઉભી કરેલ નાણાંકીય સવલતો

૧૧. અરજી કરેલ ઉદ્યોગ/ધંધો અને વાણિજય પ્રવૃતિ બાબતે અનુભવ અને ભુતકાળની પ્રવૃતિ બાબતે ટુંકી નોંધ બીડવી.

૧૨. ગેસ દ્વારા થતાં પ્રદુષણને કારણે અથવા તેના જોખમી પ્રકારના લીધે તેના સ્ટોરેજથી બાજુમાં પડોશી અથવા આસપાસમાં અડચણ ઉભી થવાની શકયતા છે ? હોય તો વિગત આપવી.

## // શરતો //

(૧) અરજદાર જે મિલ્કત માટે ટેન્ડર ભરેલ હોય તે ટેન્ડરનાં કવર ઉપર "હરાજી માટેનું ભાવ પત્રક" અચુક લખવાનું રહેશે. તદઉપરાંત વસાહતનું નામ મિલ્કતનો નંબર પણ અવશ્ય દર્શાવવાનો રહેશે. જો આવી વિગતો દર્શાવેલ નહિં હોય અને રોજ બરોજની ટપાલ સમજી નિગમના કર્મચારી દ્વારા તે કવર ખોલવામાં આવશે તો તેવું ટેન્ડર રદ ગણવામાં આવશે અને અરજદારને તે પરત કરવામાં આવશે.

(૨) ઉદ્યોગના પ્લોટ ઉપર કોઈપણ જાતનું હયાત બાંધકામ હશે તો તે બાંધકામની કિંમત ડી.ડી.થી ઓફર રકમની સાથે પુરેપુરી એક સાથે ચુકવવાની રહેશે.

(૩) (અ) અરજી પત્રક સાથે બાંહેધરી પત્ર જરૂરી ચકાસણી ફી સાથે રજુ કરવાનું રહેશે. તે સિવાયની અરજી રદ બાતલ ગણવામાં આવશે.

(બ) ચકાસણી ફીનું ધોરણ નીચે મુજબ રહેશે. **(જીએસટી દર સાથે)**

ઔદ્યોગિક પ્લોટ/શેડ

| | | |
|---|---|---|
| ૧૦,૦૦૦ ચો.મી. સુધીના | માટે | રૂા.૧,૧૮૦/- |
| ૧૦,૦૦૧ ચો.મી. થી ૫૦,૦૦૦ ચો.મી. સુધીના | | રૂા.૫,૯૦૦/- |
| શેડ / ગોડાઉન માટે | | રૂા.૨,૩૬૦/- |

(૪) ટેન્ડરમાં તળીયાની કિંમત કરતા ઓછી કિંમત દર્શાવવામાં આવેલ હશે તો તે ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

(૫) અરજદારે અરજી પત્રક સાથે દર્શાવેલ કિંમતના ૨૫ ટકા (પચ્ચીસ ટકા) પ્રમાણેની કિંમત અનામત તરીકે ટેન્ડર સાથે ડી.ડી. થી રજુ કરવાની રહેશે. જો ડીમાન્ડ ડ્રાફટ/પે.ઓર્ડર સાથે અનામત ની રકમ રજુ કરવામાં આવેલ નહી હોય તો તે કિસ્સામાં ટેન્ડર રદ બાતલ ગણાશે.

(૬) નિગમે નકકી કરેલ કરારખત કર્યા બાદ જ માંગેલ મિલ્કત/જમીનનો પ્રત્યક્ષ કબજો અરજદારને સોંપવામાં આવશે.

(૭) નિગમને મળેલ ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર થવાની જાણ અરજદારને જરૂરી નિર્ણય લેવાયા બાદ કરવામાં આવશે. જે અરજદારોનાં ટેન્ડરોનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તે અરજદારોને તેઓ દ્વારા ભરપાઈ કરેલ અનામત રકમનો ડીડી વ્યાજ વિના પરત કરવામાં આવશે.

(૮) જે અરજદારનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. તેને નિગમના નીતિ નિયમો મુજબ ઓફર પત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવામાં આવશે. ઓફર પત્રમાં જણાવેલ રકમ ઓફર પત્ર મળ્યા તારીખથી દિન-૩૦ માં ડી.ડી. થી ભરપાઈ કરવાની રહેશે. ઓફર રકમ ભરપાઈ કરવામાં અરજદાર નિષ્ફળ જશે તો ડિપોઝીટ પેટે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. અને આમ તેઓનું ટેન્ડર પણ આપો આપ રદ થયેલુ ગણાશે. આ બાબતે અરજદારનો ડીપોઝીટ પેટે ભરેલ રકમ પરત મેળવવા તેમજ માંગેલ મિલ્કતની ફાળવણી માટેના હકક-દાવો રહેશે નહી તે અંગે કોઈ વાંધો કે રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી. અને અરજદાર દ્વારા માંગવામાં આવેલ મિલ્કત અન્ય અરજદારને ફાળવણી કરવા માટે અથવા તે મિલ્કતને તે પછી થનાર હરાજીમાં ફરીથી મુકવા માટે નિગમ સ્વતંત્ર રહેશે.

(૯) ફાળવેલ મિલ્કત માટેના વખતો વખત લાગુ પડતા કરવેરા, GST (Goods & Service Tax), પંચાયત તેમજ મ્યુનિ.ટેક્ષ, નોટીફાઈડ એરીયા ટેક્ષ વગેરે વેરાઓના માંગણાના બીલ જે તે સંસ્થાઓને બારોબાર ભરપાઈ કરવાના રહેશે. તે વેરાઓ માટે નિગમ જવાબદાર રહેશે નહી.

(૧૦) હરાજીમાં મુકવામાં આવેલ મિલ્કત પેટે જુના ફાળવણીદારના બાકી લ્હેણાં જેવા કે વિજળી બીલ, નોટીફાઈડ એરીયા ટેક્ષ, મ્યુનિસિપલ / નગરપાલિકા / સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો ટેક્ષ તેમજ નિગમનાં અન્ય કોઈપણ બાકી લ્હેણાંની રકમ મિલ્કતની હરાજીની કિંમતમાંથી બાદ આપવામાં આવશે નહિ.

(૧૧) નિગમની મિલ્કત મેળવનાર અરજદારે નિગમના કાયદાઓ, નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. બાંધકામ માટે જે તે સંસ્થાની અથવા નિગમની જરૂરી મંજુરી પ્રથમ મેળવવાની રહેશે. અને તે અંગેની જરૂરી ફી ભરવાની રહેશે.

(૧૨) નિગમની સાથે ફાળવેલ મિલ્કત માટે લીઝડીડ કે અન્ય દસ્તાવેજ અંગેના ખર્ચ કે તે માટેનો દંડ અરજદારે ભોગવવાનો રહેશે.

(૧૩) નિયત સમય મર્યાદામાં ફાળવવામાં આવેલ મિલ્કતનો અરજીમાં જણાવેલ હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૧૪) જો અગાઉનાં ફાળવણી દ્વારા પ્લોટ ઉપર બાંધકામ માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થા અથવા નિગમની જરૂરી મંજુરી વિના કે મંજુરી કરેલ પ્લાન કરતા અન્ય બાંધકામ કરેલ હશે તો તે બાંધકામ નિયમિત પોતાના ખર્ચ કરવાનું રહેશે. જો બાંધકામ નિયમિત થઈ શકે તેમ ન હોય તો તે પોતાના ખર્ચે દુર કરવાનું રહેશે.

(૧૫) ટેન્ડરની અરજીઓ ખોલ્યા બાદ કે માંહે-માંહેની બોલીથી હરાજી કર્યા બાદ મિલ્કત/જમીન ફાળવણી કે અરજી રદ કરવી તે નિગમનો અબાધિત અધિકાર રહેશે.

(૧૬) હરાજીમાં/બોલીમાં મિલ્કત/જમીનની સૌથી વધુ કિંમત દર્શાવનાર/બોલી બોલનાર અરજદારને મિલ્કત/ જમીન ફાળવવા માટે ગણતરીમાં લવાને પાત્ર રહેશે.

(૧૭) વિતરણ અન્વયે સઘળા નિયમોનું પાલન અરજદારે કરવાનું રહેશે. અને તેનો ભંગ થતા નિગમ તેની ઓફર/એલોટમેન્ટ/એગ્રીમેન્ટ/લીઝ કન્વેયન્સ વિગેરેમાં સમાવેશ થયેલ નિયમો મુજબની કાર્યવાહીને પાત્ર રહેશે. જે કિસ્સામાં આ દસ્તાવેજો થયા નહી હોય તેવા કિસ્સામાં નિગમનું વિતરણ, કોઈપણ નોટીસ આપ્યા સિવાય રદ કરવાનો અધિકાર રહેશે.

(૧૮) ભાગીદારી પેઢી માટે ભાગીદારી ખત તેના રજીસ્ટ્રેશન સાથેની વિગતો તથા કંપની માટે આર્ટીકલ્સ ઓફ એસોસીએશન તથા મેમોરેન્ડમ જે અરજીમાં જણાવેલ હશે તે ટેન્ડર સાથે તેની પ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

(૧૯) હરાજી દરમ્યાન અરજદાર પોતે અથવા તેમના પ્રતિનિધિ હાજર રહી શકશે. અરજદાર અથવા અરજદારના પ્રતિનિધિએ હાજરીમાં ભાગ લેવા માટે હરાજી શરૂ થવાનાં સમય અગાઉ એક કલાક પહેલા તેમનો તાજેતરનો ફોટો તથા ફોટાવાળુ ઓળખપત્ર (અસલ તથા એક નકલ) રજુ કરવાનું રહેશે. અને આ રજુ કરનાર વ્યક્તિ જ હરાજીમાં ભાગ લઈ શકશે. અસલ ઓળખપત્ર હરાજી બાદ અરજદાર/પ્રતિનિધિને પરત કરવામાં આવશે. કોઈ કારણસર અરજી કરનાર અરજદાર હાજર ન રહી શકે તેમ હોય તો તેના પ્રતિનિધિ હાજર રહેવા માટે સંમતિ-પત્ર આપવાનું રહેશે. સંમતિ-પત્ર વિના અન્ય વ્યક્તિ બોલીમાં હાજર રહી શકશે નહી.

(૨૦) તમામ મિલ્કતોના કિસ્સામા "જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામાં આવશે જેથી કોઈપણ પ્રકારની રાહત મજરે આપવામાં આવશે નહી. તેમજ અન્ય કોઈપણ પ્રકારની રજુઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૨૧) હરાજીના સમયે અરજદાર દ્વારા રૂ. ૧,૦૦૦/- અથવા તો હરાજીના સંચાલક અધિકારી દ્વારા નકકી કરવામાં આવેલ રકમના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે.

(૨૨) હરાજી ખંડમાં ફોન/ મોબાઈલ કે અન્ય સંદેશા વ્યવહારનાં ઉપકરણો લાવવા પ્રતિબંધિત છે.

(૨૩) જી.આઈ.ડી.સી. ની મિલકત પર બીજી સંસ્થાઓ જેવી કે ડી.જી.વી.સી.એલ.નોટીફાઈડ એરિયા, સેન્ટ્રલ એકસાઈઝ, પાણી વગેરેના જે પણ બાકી લ્હેણાં ભરવાના નીકળતા હોય, તેની જાણકારી અમોએ મેળવી લીધેલ છે. તથા આ હરાજીમાં અગર અમો પસંદ થઈશું તો નિગમની હરાજીની જે-તે મિલકત પરના બાકી લ્હેણાં ભરપાઈ કરવા સંબધિત સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે. જેમાં નિગમની કોઈ જવાબદારી રહેશે નહી. જે અમોને મંજુર છે તેમજ ભવિષ્યમાં પણ આ બાબતે અમો કોઈ વાંધો/તકરાર કરીશુ નહી.

ઉપરની શરતો વાંચી, સમજીને અરજી પત્રક ભરીને મોકલેલ છે. તમામ શરતો મને/અમોને બંધનકર્તા રહેશે.

અરજદારની સહી

(ભાગીદાર પેઢીના તમામ ભાગીદારો)

## પરિશિષ્ટ-ક

( અરજી પત્રક સાથે મોકલવાનો બાંહેધરી પત્રક)

| |
|---|
| રૂ.૧૦૦/- નો સ્પે. અધિશીવ સ્ટેમ્પ ચોંટાડવો અને નોટરાઈઝ કરાવવો. |

સ્થળ:-

તારીખ :-

પ્રતિ,
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી,
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
બીજો માળ ,બ્લોક નં.-૩૪,
ઉદ્યોગ ભવન ,સેકટર -૧૧,
ગાંધીનગર.

(૧) હું/અમો........................................................................ (ખાનગી માલિકી/પેઢી, કંપની મંડળી) જેનો ........................................................................... અધિનિયમ હેઠળ નોંધણી કરવામાં આવેલી છે અને જેનું સરનામું........................................................................ઔદ્યોગિક વિસ્તાર/વસાહતમાં ઔદ્યોગિક જમીન/મિલ્કત મેળવવા માટે રસ ધરાવું છું./ધરાવીએ છીએ.

(૨) હું/અમો....................................................................................નિગમ હરાજીમાં નક્કી કરે તે કિંમતે ઔદ્યોગિક / વાણિજય જમીન / મિલ્કતો ખરીદવા સંમત છું/છીએ. અને નિગમ નકકી કરે તે રીતે ઔદ્યોગિક / વાણિજય જમીન/ મિલ્કતની કિંમત ભરપાઈ કરવા કબુલ થાઉ છું/થઈએ છીએ.

(૩) આપના જણાવ્યા મુજબ હું/અમો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના નામનો રૂ.................. નો ડીમાન્ડ ડ્રાફટ મે/અમોએ માંગેલ ઔદ્યોગિક / વાણિજય જમીનખ / મિલ્કતની જામનગીરી અનામત તરીકે આપું છું/આપીએ છીએ.

(૪) હું/અમો સંમત છું/છીએ જો હું/ અમો નિગમ તરફથી મને/ અમોને ફાળવવામાં આવનાર ઔદ્યોગિક / વાણિજય જમીન/મિલ્કતની ઓફર (દરખાસ્ત)ની રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં કસુર કરીએ તો હું / અમો તે ઓફર (દરખાસ્ત)નો ભંગ કર્યો લેખાશે અને તેની મારા/અમારા દ્વારા આપેલી જામીનગીરી અનામતની રકમ પરત મેળવવાનો હું/અમો હકકદાર રહેતા નથી.

(૫) હું/અમો સંમત છું/છીએ ૩૦ દિવસની મુદ્દતમાં મને / અમોને ફાળવવામાં આવેલ ઔદ્યોગિક / વાણિજય જમીન/મિલ્કતના ઓફરની રકમ ચૂકવુ/ચૂકવીએ અને ઓફરમાં સ્વીકાર કરી ત્યાર બાદ/હું અમો નિયત કરારખત નિગમ સાથે કરીએ નહી અને / અથવા કરારખતનો અમલ ન કરીએ અથવા ઔદ્યોગિક / વાણિજય જમીન/મિલ્કતનો ભૌતિક કબજો ન લઉ / લઈએ અને નિગમની ઓફર (દરખાસ્ત)ને રદ કરીએ તો મે/અમોએ અરજી સાથે આપેલ ઓફર (દરખાસ્ત) ની રકમમાંથી, જામીનગીરી અનામતની રકમ પરત મેળવવા હકકદાર નથી. તદઉપરાંત વાણિજયીક જમીન / મિલ્કતની ફાળવણીની રકમ નિગમના નિયમોનુસાર ક્પાત સાથે જપ્ત કરવા નિગમ હકકદાર રહેશે.

(૬) હું/અમો ઔદ્યોગિક/વાણિજય જમીન/ મિલ્કતની ફાળવણીને લગતા નિગમના નિયમોની જોગવાઈઓ સમજુ છું/સમજીએ છીએ અને સદરહું નિયમો હેઠળ કરારખતના ફોર્મમાં દર્શાવેલ શરતો અને બોલી પ્રમાણે ઔદ્યોગિક/વાણિજય જમીન/મિલ્કત લેવા સહમત છું/છીએ.

(૭) નિયત કરવામાં આવેલ અરજી પત્રકમાં માંગ્યા પ્રમાણેની માહિતી બરાબર ભરી મોકલાવેલ છે. આ ઉપરાંત નિગમ જે કોઈ માહિતી માંગે તે માહિતી માગ્યાં તારીખથી ૧૫ દિવસની અંદર વિગતો મારે/અમારે પુરી પાડવાની છે એમ હું/અમો સમજું છું./સમજીએ છીએ. જો નિયત સમય મર્યાદામાં આ માહિતી પુરી પાડવા હું/અમો નિષ્ફળ જાંઉ / જઈએ અને આ માહિતીના અભાવે નિગમ મને/અમોને ઓફરનો પત્ર ન મોકલી શકે તો હું/અમો આ અરજીનો અમલ કરાવવા હકકદાર રહીશ/રહીશું નહી.

(૮) અરજી પત્રકમાં દર્શાવેલ તમામ શરતો મને/અમોને બંધનકર્તા રહેશે.

(૯) હું/અમો દ્વારા હરાજીમાં મુકવામાં આવેલ જે મિલ્કત / મિલ્કતો માટે ભાવપત્રક ભરવામાં આવેલ છે તે મિલ્કત / મિલ્કતોની હું/અમોએ સ્થળ તપાસ કરેલ છે તેમજ તે મિલ્કત/મિલ્કતોહું/અમો જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં "જેમ છે તેમ" ના ધોરણે ખરીદવા માટે તૈયાર છીએ. તેમજ આ બાબતે હું/અમો ભવિષ્યમાં કોઈપણ તકરાર/વાંધો કરીશું નહીં.

(૧૦) હું/અમો બાંહેધરી આપીએ છીએ કે એક વખત અરજી પત્રક ભર્યા બાદ જો હું/અમારા દ્વારા ભરવામાં આવેલ બીડ હરાજીની પ્રક્રિયાનાં કોઈપણ તબકકે તેમજ કોઈપણ કારણોસર પાછી ખેંચવામાં આવશે તો ભરવામાં આવેલ અનામતની રકમ નિગમ દ્વારા જપ્ત કરવામાં આવશે તેમજ તે માટે ભવિષ્યમાં કોઈપણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી કે તકરાર કરીશ નહિ.

(૧૧) જી.આઈ.ડી.સી.ની મિલકત પર બીજી સંસ્થાઓ જેવી કે ડી.જી.વી.સી.એલ., નોટીફાઈડ એરિયા, સેન્ટ્રલ એકસાઈઝ, પાણી વગેરેના જે પણ બાકી લ્હેણાં ભરવાના નીકળતા હોય, તેની જાણકારી અમોએ મેળવી લીધેલ છે. તથા આ હરાજીમાં અગર અમો પસંદ થઈશું તો નિગમની હરાજીની જે-તે મિલકત પરના બાકી લ્હેણાં ભરપાઈ કરવા સંબધિત સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે. જેમાં નિગમની કોઈ જવાબદારી રહેશે નહી. જે અમોને મંજુર છે. તેમજ ભવિષ્યમાં પણ આ બાબતે અમો કોઈ વાંધો/તકરાર કરીશુ નહી.

આપનો વિશ્વાસુ

અરજદારની તમામ ભાગીદારોની સહી

સાક્ષીની સહી:

(૧)

(૨)